ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ
(ગુજરાત પબ્લિક યુનિવર્સિટીઝ અધિનિયમ નં. ૧૫/૨૦૨૩)
BHAKTA KAVI NARSINH MEHTA UNIVERSITY, JUNAGADH
[Gujarat Public Universities Act No. 15/2023]

પરિપત્ર:

વિષય: વર્ષ ૨૦૨૨-૨૩ થી વર્ષ ૨૦૨૪-૨૫ ની અનુસૂચિત જાતિનાં વિદ્યાર્થીઓની શિષ્યવૃતિની પેન્ડીંગ અરજીઓનાં નિકાલ કરવા બાબત.

સંદર્ભ: ૧) કેન્દ્ર સરકારશ્રીના પત્ર ક્રમાંક K-11017/8/2025-SCD-V તા.૨૧/૦૮/૨૦૨૫

૨) નિયામક અનુસુચિત જાતિ કલ્યાણ,૪/૨ ડૉ.જીવરાજ મહેતા ભવન,ગુજરાત રાજ્ય,ગાંધીનગરનો પત્ર ક્રમાંક અજાક /ગ-૧/૫/૨૫-૨૬/૩૬૦૩ તા. ૨૪/૦૮/૨૦૨૫

૩) નાયબ નિયામક (અ.જા.ક.)ની કચેરી, બહુમાળી ભવન, જુનાગઢનો પત્ર ક્રમાંક નાનિ/૧૯૨૮/૨૦૨૫ તા. ૧૦/૦૯/૨૦૨૫

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ, અનુસ્નાતક કેન્દ્રોના ઇન્ચાર્જશ્રીઓ, માન્ય સંસ્થાઓનાં વડાઓ તેમજ અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓને ઉપરોક્ત વિષય તથા સંદર્ભદર્શિત પત્ર અન્વયે જણાવવામાં આવે છે કે જુદી-જુદી પ્રિ-મેટ્રીક/પોસ્ટ મેટ્રીક શિષ્યવૃતિ યોજનાઓનો અમલ ડિજીટલ ગુજરાત પોર્ટલ મારફત અનુસુચિત જાતિના વિદ્યાથીઓની ઓનલાઈન શિષ્યવૃતિ ચૂકવણીની કાર્યવાહી કરવામાં આવે છે. કેન્દ્ર સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીનાં વિભાગે પણ કેન્દ્ર પ્રિ-મેટ્રીક/પોસ્ટ મેટ્રીક શિષ્યવૃતિ યોજનાનું Terminal વર્ષ હોય તેથી જુના વર્ષોની કામગીરી તાત્કાલીક પૂર્ણ કરવાની થતી હોય છે. કેન્દ્ર પુરસ્કૃત પ્રિ-મેટ્રીક/પોસ્ટ મેટ્રીક શિષ્યવૃતિ યોજનાઓ અંતર્ગત રાજ્યમાં ૪૦ ટકા ચૂકવાનું થયા બાદ જ કેન્દ્ર સરકારનું ૬૦ ટકા ચુકવણું કરવા ડેટા NSP ને મોકલવાનો હોય છે તેથી તમામ કોલેજોના આચાર્યશ્રીઓ, અનુસ્નાતક કેન્દ્રોના ઇન્ચાર્જશ્રીઓ, માન્ય સંસ્થાઓનાં વડાઓ તેમજ અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓને તાકીદ કરવામાં આવે છે કે શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩, ૨૦૨૩-૨૪ તથા ૨૦૨૪-૨૫ ની અરજીઓ પેન્ડીંગ હોય તે તમામ અરજીઓનો નિકાલ તા.૧૦/૧૦/૨૦૨૫ સુધીમાં નિયમોનુસાર અપૃવ કરી સેન્ડ કરવાની રહેશે.

ઉપરોક્ત વિગતે જણાવવાનું કે આપશ્રીની કોલેજ/અનુસ્નાતક કેન્દ્ર/અનુસ્નાતક ભવનનાં અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓની શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩, ૨૦૨૩-૨૪ તથા ૨૦૨૪-૨૫ ની અરજીઓ પેન્ડીંગ હોય તે તમામ અરજીઓનો સંદર્ભ ક્રમાંક ૨ તથા ૩ માં દર્શાવેલ સમયમર્યાદામાં સત્વરે નિકાલ કરવા જણાવવામાં આવે છે. નિયત સમયગાળા બાદ પણ શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩, ૨૦૨૩-૨૪ તથા ૨૦૨૪-૨૫ની કોઇ અરજીઓ પેન્ડીંગ રહેલ હશે તો તે તમામ અરજીઓને ફ્રીજ કરવામાં આવશે જે અંગેની સંપૂર્ણ જવાબદારી જે-તે કોલેજ/અનુસ્નાતક કેન્દ્રનાં આચાર્યશ્રી/વડા ની રહેશે જેની ગંભિરતાપૂર્વક નોંધ લેશો.

ખાસ નોંધ: Head Of Institute (HOI) ની વિગતો ભરવી ફરજીયાત છે જેની ગંભિરતાપૂર્વક નોંધ લેશો. તમામ કોલેજો/અનુસ્નાતક કેન્દ્રો/અનુસ્નાતક ભવનોએ આ પરિપત્ર કોલેજનાં નોટીસબોર્ડ પર ફરજીયાત લગાવવાનો રહેશે.

કા.કુલસચિવ

બિડાણ-

સંદર્ભદર્શિત પત્રોની નકલ

ક્રમાંક/બીકેએનએમયુ/એકેડેમિક/૬૩૩/૨૦૨૫
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
ગવર્મેન્ટ પોલીટેકનીક કેમ્પસ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડીયા, જુનાગઢ.
તા.૧૫/૦૯/૨૦૨૫

પ્રતિ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોનાં આચાર્યશ્રીઓ, અનુસ્નાતક કેન્દ્રોના ઇન્ચાર્જશ્રીઓ,
માન્ય સંસ્થાઓનાં વડાઓ તેમજ અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓ તરફ...

નકલ સાદર રવાના:-
(૧) માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી

**નકલ રવાના જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થે:-**
(૧) આઈ.ટી.સેલ. વેબસાઇટ પર પ્રસિદ્ધ થવા અને યોગ્ય કાર્યવાહી અર્થે...

સરકારી પોલીટેકનીક કેમ્પસ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડીયા, જૂનાગઢ—૩૬૨૨૬૩, ગુજરાત(ભારત)
ફોન નં.૦૨૮૫—૨૬૮૧૪૦૦/ફેક્સ નં.૦૨૮૫—૨૬૮૧૫૦૩

Government Polytechnic Campus,
Bhakta Kavi Narsinh Mehta University Road,
Khadiya, Junagadh-362263 (Gujarat)
Ph: 0285-2681400 Fax: 0285-2681503

અગત્યનુ

નં.અજાક/ગ-૧/૫/૨૫-૨૬/ 3603
નિયામક,અનુસૂચિત જાતિ કલ્યાણ,
૪/૨, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર
E-mail:dd1-dscw@gujarat.gov.in
તા.[illegible]/૦૮/૨૦૨૫

પ્રતિ,
નાયબ નિયામકશ્રી,
અનુસૂચિત જાતિ કલ્યાણ,
જિ. જુનાગઢ.

વિષય:- અનુ.જાતિના વિદ્યાર્થીઓને પ્રિમેટ્રીક તથા પોસ્ટમેટ્રીક શિષ્યવૃત્તિ બાબત
સંદર્ભ: ૧) કેંન્દ્ર સરકારશ્રીના તા:૨૧/૦૮/૨૦૨૫ના પત્રનં: K-11017/8/2025-SCD-V

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે અત્રેની કચેરી હસ્તકની જિલ્લા કચેરીઓ દ્વારા કેન્દ્ર સરકારશ્રીની જુદી જુદી પ્રિમેટ્રીક / પોસ્ટમેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાઓનો અમલ **Digital Gujarat Portal** પર શાળાના આચાર્યશ્રીઓ મારફત ઓનલાઇન દરખાસ્તો/અરજીઓ મંગાવી કરવામાં આવે છે. આ કામગીરી સમયમર્યાદામાં પૂર્ણ કરવા તમામ જિલ્લા કચેરીઓને શૈક્ષણિક વર્ષની શરૂઆતમાં જ માસવાર કરવાની થતી કામગીરીનું આયોજન આપવામાં આવે છે અને કામગીરી સમયમર્યાદામાં પૂર્ણ કરવા જણાવવામાં આવે છે.

ઉક્ત કામગીરી પૂર્ણ કરવા રાજ્યકક્ષાએથી જિલ્લા કચેરીઓ સાથે વિડિયો કોન્ફરન્સ કરી, રૂબરૂ મીટીંગ કરી તથા રાજ્યકક્ષાએથી વોટ્સએપ ગ્રુપમાં સૂચનાઓ આપી જરૂરી માહિતી આપી કામગીરી પૂર્ણ કરવા જણાવવામાં આવે છે. કામગીરી ઝડપથી પૂર્ણ કરવા માન. મુખ્ય સચિવશ્રી, માન. અગ્ર સચિવશ્રી-સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, માન. અગ્ર સચિવશ્રી-શિક્ષણ વિભાગના અધ્યક્ષ સ્થાને જિલ્લા કલેક્ટરશ્રીઓ, જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ તથા જિલ્લાના શિક્ષણ વિભાગના અધિકારીશ્રીઓ સાથે વિડિયો કોન્ફરન્સ કરી કામગીરી પૂર્ણ કરવા સૂચનાઓ આપવામાં આવેલ છે તેમ છત્તા જિલ્લા કચેરીઓમાં અમુક અરજીઓ જુદા જુદા લેવલ પર પડતર રહે છે.

વધુમાં સદર્ભિત પત્રથી કેંદ્ર સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગએ પણ કેંદ્ર પુરસ્કૃત પ્રિમેટ્રીક તથા પોસ્ટમેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાઓની વર્ષ:૨૦૨૨-૨૩, ૨૦૨૩-૨૪ તથા ૨૦૨૪-૨૫ની પડતર કામગીરી સમયમર્યાદામાં પૂર્ણ કરવા જણાવેલ છે. જેમ કે શૈક્ષણિક વર્ષ:૨૦૨૨-૨૩ની કામગીરી તા:૩૧/૧૦/૨૦૨૫ સુધીમાં, શૈક્ષણિક વર્ષ:૨૦૨૩-૨૪ની કામગીરી તા:30/૧૧/૨૦૨૫ સુધીમાં અને શૈક્ષણિક વર્ષ:૨૦૨૪-૨૫ની કામગીરી તા:૩૧/૧૧૨/૨૦૨૫ સુધીમાં પૂર્ણ કરવા જણાવેલ છે. વધુમાં કેંદ્ર પુરસ્કૃત પ્રિમેટ્રીક તથા પોસ્ટમેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાનુ આ Terminal વર્ષ હોય જુના વર્ષોની કામગીરી પણ તાત્કાલિક પૂર્ણ કરવાની થાય છે.

વધુમાં કેંદ્ર પુરસ્કૃત પ્રિમેટ્રીક તથા પોસ્ટમેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાઓ અંતર્ગત રાજ્યમાં ૪૦% ચુકવણું થયા બાદ કેંદ્ર ફાળાનું ૬૦% ચુકવણું કરવા ડેટા NSPને મોકલવાનો હોય તમામ જિલ્લા કચેરીઓને તાકીદ કરવામાં આવે છે કે વર્ષ:૨૦૨૨-૨૩, ૨૦૨૩-૨૪ તથા ૨૦૨૪-૨૫ ની કોઇ પાત્રતા ધરાવતી અરજીઓ મંજુર કરવાની બાકી હોય તો તમામ વર્ષની અરજીઓ તા:૧૦/૧૦/૨૦૨૫ સુધીમાં નિયમોનુસાર મંજુર કરી રાજ્યફાળાના ૪૦% ચુકવણાની કામગીરી પૂર્ણ કરવાની રહેશે. કોઇ અરજીઓ આચાર્યશ્રી કક્ષાએ પડતર હોય તો તાત્કાલિક આચાર્યશ્રીઓનો સંપર્ક કરી તેવી અરજીઓનો નિકાલ કરવાનો રહેશે. ઉક્ત તમામ વર્ષની કામગીરી

તા:૧૦/૧૦/૨૦૨૫ સુધીમાં પૂર્ણ થઇ જાય તે મુજબનું આયોજન જિલ્લા કચેરીઓ કરવાનું રહેશે. જો સમયમર્યાદામાં પૂર્ણ કરવામાં નહિ આવે તો સંબધિતો સામે ઘટીત કાર્યવાહી કરવામાં આવશે જેની તમામ કચેરીઓએ નોંધ લેવાની રહેશે.

નિયામક
અનુસૂચિત જાતિ કલ્યાણ
ગુજરાત રાજ્ય ગાંધીનગર

નકલ રવાના:

- સંયુક્ત સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગર તરફ જાણ સારૂ.

નાયબ નિયામક (અ.જા.)
ની કચેરી-જૂનાગઢ
ઇનવર્ડ નં.......
તારીખ.......

No.K-11017/8/2025-SCD-V
Government of India
Ministry of Social Justice & Empowerment
Department of Social Justice & Empowerment

(SCD-V Section)

Shastri Bhawan, New Delhi
Dated the 21st August, 2025

To

The Additional Chief Secretary/Principal
Secretary/Secretary/Commissioner/Director
Social Welfare Department/SC/OBC Welfare Department/
All State Governments /UT Administrations

Subject: Deadline for clearance of pending cases under Post Matric Scholarship Scheme for SC Students and Pre-Matric Scholarship Scheme for SCs & Others for AY 2022-23, 2023-24 & 2024-25 -reg.

Madam/Sir,

I am directed to refer to the pending cases of the Academic year 2022-23, 2023-24 and 2024-25 under Post Matric scholarship scheme for SC students and Pre Matric scholarship scheme for SCs & Others.

2. States/UTs have been repeatedly reminded and urged to clear pending cases of previous academic years so as to contain the recurring practice of spilling over of such cases into the next financial year. Despite continuous efforts by the Ministry there is a substantial number of applications pending at State level for further release of Central share of scholarship amount which are as tabulated below:

(As on 11.08.2025)

| Academic Year | Post Matric | Pre-Matric (C1&C2) |
|---|---|---|
| 2022-23 | 2,95,218 | 2,35,261 |
| 2023-24 | 2,42,934 | 3,26,168 |
| 2024-25 | 7,98,636 | 5,28,015 |
| **Total** | **13,36,788** | **10,89,444** |

State-wise; year-wise pendency is enclosed as Annexure.

3. As the release of the Central share of scholarship amount is contingent upon the release of the State share and the subsequent pushing of paid data to the NSP; delays on the part of States/UTs at various levels viz-at the verification stage, during State share disbursal, or in pushing State share paid data to NSP—result in cases spilling over into the next

financial year and, in some instances, extending to more than two to three years. Such delays cause undue hardship to students and parents and lead to an increase in representations, RTI applications, grievances, and litigation.

4. In light of aforementioned, with the approval of the competent authority, the cut-off date for pushing the State share paid data to NSP i.r.o the pending data of AY 2022-23, 2023-24 and 2024-25 under Post Matric scholarship scheme for SC students and Pre Matric scholarship scheme for SCs & Others has been fixed as under:

| Academic Year | Cut-off Date for accepting State share paid data at NSP for release of Central share |
|---|---|
| AY 2022-23 | 31st October, 2025 |
| AY 2023-24 | 30th November, 2025 |
| AY 2024-25 | 31st December, 2025 |

5. Though the Ministry will continue to provide handholding support through its PMU technical manpower, after the respective cut-off dates as indicated above, no data pertaining to AY 2022-23, 2023-24, and 2024-25 will be accepted on the NSP for release of the Central share of the scholarship amount and GoI shall not be responsible for the Central share of scholarship amount after the above stated cut-off dates.

Encl: As above

Yours faithfully,

Amresh 25/08/2025

(Amresh Bahadur Pal)
Director

Copy for information to:

1. Chief Secretary of all states/UTs
2. PPS to Secretary, DoSJE
3. PPS to AS(SCD-V), DoSJE

નં.નાનિ/ ૧૯૨૯ /૨૦૨૫
નાયબ નિયામક(અ.જા.ક.)ની કચેરી,
બહુમાળી ભવન, બ્લોક ૧/૩,
સરદાર બાગ, જૂનાગઢ.
ફોન. ૦૨૮૫-૨૬૩૦૩૫૮
dbcwo-jun@gujarat.gov.in
તારીખઃ- ૧૦/૦૯/૨૦૨૫

પ્રતિ,
પ્રિન્સીપાલશ્રી (તમામ)
....................................................શાળા/કોલેજ
જિ.જૂનાગઢ

વિષયઃ- <u>અનુસૂચિતં જાતિના વિદ્યાર્થીઓને પ્રિ-મેટ્રીક તથા પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિ બાબત</u>

સંદર્ભઃ- (૧) કેન્દ્ર સરકારશ્રીના તા.૨૧/૦૮/૨૦૨૫ના પત્ર નં.K-11017/8/2025-SCD-V
(૨) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ગુ.રા.ગાંધીનગરના પત્ર નં.અજાક/ ગ-૧/૫/૨૫-૨૬/૩૬૦૩ તા.૨૪/૦૮/૨૦૨૫

ઉપરોકત વિષય અને સંદર્ભદર્શિત પત્ર અન્વયે જણાવવાનું કે કેન્દ્ર સરકારશ્રીની જુદી-જુદી પ્રિ-મેટ્રીક/પોસ્ટ મેટ્રીક શિષ્યવૃતિ યોજનાઓની વર્ષ ૨૦૨૨-૨૩, ૨૦૨૩-૨૪ તથા ૨૦૨૪-૨૫ની પડતર કામગીરી પુર્ણ કરવા જણાવેલ છે. (નકલ સામેલ છે) વધુમાં કેન્દ્ર પુરસ્કૃત પ્રિ-મેટ્રીક તથા પોસ્ટ મેટ્રીક શિષ્યવૃતિની યોજનાનું Terminal વર્ષ હોય જુના વર્ષોની કામગીરી તાત્કાલીક પુર્ણ કરવાની થાય છે.

વધુમાં સંદર્ભ (૧) થી કેન્દ્ર સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગે પણ કેન્દ્ર પુરસ્કૃત પ્રિ-મેટ્રીક તથા પોસ્ટ મેટ્રીક શિષ્યવૃતિ યોજનાઓ અંતર્ગત રાજયમાં ૪૦ ટકા ચુકવણુ થયા બાદ જ કેન્દ્ર સરકારનું ૬૦ ટકા ચુકવણુ કરવા ડેટા NSP ને મોકલવાનો હોય. તમામ શાળા/કોલેજને તાકીદ કરવામાં આવે છે કે વર્ષ ૨૦૨૨-૨૩, ૨૦૨૩-૨૪ તથા ૨૦૨૪-૨૫ની કોઇ પાત્રતા ધરાવતી અરજીઓ શાળાઓ/કોલેજ લેવલમાં એપ્રુવ કરી સેન્ડ કરવાની બાકી હોય તો તમામ વર્ષની અરજીઓ તા.૧૦/૧૦/૨૦૨૫ સુધીમાં નિયમોનુસાર એપ્રુવ કરી સેન્ડ કરવાની બાકી હોય તો તાત્કાલિક તેવી અરજી સેન્ડ કરવાની રહેશે.

ઉકત તમામ વર્ષની કામગીરી તા.૧૦/૧૦/૨૦૨૫ સુધીમાં પુર્ણ કરવાની રહેશે. જો કામગીરી સમયમર્યાદામાં પૂર્ણ કરવામાં નહિ આવે અને કોઇ વિદ્યાર્થી શિષ્યવૃતિથી વંચિત રહી જશે તો તે

શાળા/કોલેજની અંગત જવાબદારી રહેશે. અને સબંધિત શાળા/કોલેજ સામે ધટતી કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ શાળા/કોલેજએ નોંધ લેવી.

<u>નોંધઃ-</u> ડીઝીટલ ગુજરાત પોર્ટલમાં તમામ શાળા/કોલેજોએ HOI(હેડ ઓફ ઇન્સ્ટીટયુટ)ની વિગતો દર્શાવતુ ફોર્મ ભરવુ ફરજીયાત છે. આ કામગીરી તાત્કાલીક ૧૦૦ ટકા પુર્ણ કરવા સૂચના આપવામાં આવે છે.

(પી.ડી.સરવૈયા)
નાયબ નિયામક
અનુસૂચિત જાતિ કલ્યાણ
જૂનાગઢ

<u>બિડાણઃ-</u> ઉપર મુજબ

<u>નકલ સવિનય રવાનાઃ-</u>

(૧) માન. કલેકટરશ્રી, કલેકટર કચેરી, જૂનાગઢ
(૨) માન. જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત, જૂનાગઢ
(૩) માન. નિયામકશ્રી, અનુ.જાતિ કલ્યાણ, ગુ.રા.ગાંધીનગર તરફ જાણ થવા વિનંતી સહ
(૪) કુલ સચિવશ્રી, ભકત કવિ નરસિંહ મહેતા યુનીવર્સિટી, જિ.જૂનાગઢ
/- આપના કાર્યક્ષેત્રમાં આવતી તમામ કોલેજોને ઉક્ત પત્ર આપની કક્ષાએથી મોકલી આપવા વિનંતી.
(૫) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, જૂનાગઢ જિ.જૂનાગઢ
/- આપના કાર્યક્ષેત્રમાં આવતી તમામ ઉચ્ચતર માધ્યમિક શાળાઓને ઉક્ત પત્ર આપની કક્ષાએથી મોકલી આપવા વિનંતી.
(૬) જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, જૂનાગઢ જિ.જૂનાગઢ
/- આપના કાર્યક્ષેત્રમાં આવતી તમામ પ્રાથમિક શાળાઓને ઉક્ત પત્ર આપની કક્ષાએથી મોકલી આપવા વિનંતી.
(૭) રજીસ્ટ્રારશ્રી, ડો.સુભાષ યુનિવર્સિટી, જૂનાગઢ
(૮) રજીસ્ટ્રારશ્રી, નોબલ યુનિવર્સિટી, જૂનાગઢ